Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

79

# ગ્રંથાલય સ્વયંસંચાલન

**Gohil Chetanbhai**

Aassistant Librarian

P.D.U. Goverment Medical College, Rajkot.

**(1) પ્રસ્તાવના: -**

આધુનિક સમયનો માનવ જ્યારે ઘડિયારના કાંટા પર જીવી રહ્યા છે. ત્યારે સમયની કિંમત હોય છે. તે સ્વાભાવિક છે. વિજ્ઞાન અને ટેકનીલોજીના વિકાસ સાથે સમયનું તત્વએ માનવજીવનમાં એક અસરકારક અને અંકુશીત પરિબળ છે. માત્ર એટલું જ નહીં, અટપટું બનતું જાય છે. જ્ઞાન વિશ્વક્ષેત્રે જ્ઞાનનો પુરવઠો અને માંગ વચ્ચે અસમાનતા ઊભી થઈ છે. ઓછામાં ઓછાં સમયમાં વધુ પ્રાપ્ત કરવામા નવઆતુર બન્યો છે. જેથી વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ અનિવાર્ય પણે સંકળાઇ ગયો છે. સમય બચાવવા આજે દરેક ક્ષેત્રે યાંત્રિકરણ થઈ રહ્યું છે.

આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા સમય બચાવી દરેક કાર્ય ઝડપથી કરી શકાય છે. આ રીતે દરેક ક્ષેત્રે યાંત્રિકરણ થઈ રહ્યું છે. ત્યારે તેમાંથી ગ્રંથાલય કઇ રીતે બાકાત રહી શકે? પંદરમી સદીમાં ચીનમાં મુદ્રણકળાની શોધ થઈ. આ સાથે જ ગ્રંથાલયક્ષેત્ર ટેકનીકલ બાબતો માં પ્રવેશ્યું.

માનવીના વિકાસની કથા પથ્થરયુગ થી શરૂ થઈને આજે કમ્પ્યુટર સુધી પહોંચી છે. ઇલેક્ટ્રોનિક વિદ્યુતયુગનો આરંભ બીજા વિશ્વયુદ્ધ પછી થયો છે. અને કમ્પ્યુટર આ યુગની ભેટ છે. કમ્પ્યૂટર એક એવું મશીન છે જે અનેક ક્ષેત્રેમાં માનવજાતની સેવા કરે છે. ગ્રંથાલયમાં કમ્પ્યુટરની ઉપયોગીતા છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના ક્ષેત્રમાં તેની ખૂબજ ઉપયોગીતા જણાય છે. ગ્રંથાલય વર્ગીકરણ સિવાય લગભગ બધાજ પ્રકારના કાર્ય કમ્પ્યુટર દ્વારા કરી શકાય છે.

કમ્પ્યુટરની કામકરવાની ક્ષમતા અને સ્મરણશક્તિ ઘણી વધારે હોય છે. કમ્પ્યુટર જોઈતી માહિતી થોડાં સમયમાં , ઝડપથી અને ચોકસાઈ થી ઉપલબ્ધ બનાવે છે. વર્તમાન સમયમાં તો ઘણી બધી પદ્ધતિઓ કમ્પ્યૂટરને દયાનમાં રાખીને જ વિકસાવવામાં આવી છે. અને જે ને માત્ર માનસિક શક્તિ દ્વારા ઉપયોગમાં લઈ શકાતી નથી.

**(2) સ્વયંસંચાલનનો અર્થ અને વ્યાખ્યા:** -

**અર્થ:**

"યાંત્રિકરણ એટલે ઓછો માનવખર્ચ અને તેની બચત સાથે-સાથે રોજિંદા કાર્યોમાં વારંવાર થતાં કાર્યોની પ્રક્રિયા"

"Automation'' શબ્દની ઉતપત્તી "Automose" ગ્રીક શબ્દ પરથી ઉતરી આવ્યો છે. તેનો અર્થ શક્તિ થાય છે.

"હિન્દીમાં "Automation" માટે સ્વચલન શબ્દ વપરાય છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**વ્યાખ્યા :**

"વિભિન્ન પ્રકારના ગ્રંથાલયોના કાર્યોમાં સ્વસંચાલિત ડેટા પ્રોસેસિંગ મશીનનો ઉપયોગ કરવાને જ ગ્રંથાલય યાંત્રિકીકરણ તરીકે ઓળખવામાં આવે છે."

**સાલમેન**

"સ્વચલન એવું પદ છે. જેને સામાન્ય રૂપમાં સ્વીકૃત કરી લેવામાં આવ્યું છે. તથા તેનો ઉપયોગ ટેકનીકલ રૂપમાં મશીનરીના નિયંત્રણતંત્ર માટે કરવામાં આવે છે."

- Dr. Harder - 1936

**(3) સ્વયં સંચાલનની શરૂઆત :-**

"Need is the mother of invention" જરૂરિયાત મનુષ્યને આગળ વધવા પ્રેરે છે. જ્ઞાન ,માહિતી ,ટેકનિક વગેરેની વધુને વધુ જરૂરિયાતોના કારણે સ્વયંસંચાલન અનિવાર્ય બન્યું છે. સ્વયંસંચાલન કે જેનું દરેક ક્ષેત્રે મહત્વનું પ્રદાન છે. તેનો ગ્રંથલયક્ષેત્રે પણ પ્રવેશ થયો છે. તેણે ગ્રંથાલયને 'Store house" માંથી 'Intellectual information' અને ગ્રંથપાલને Guard કે Watchman માંથી Library and information Scientist , Scientific Information officer , Information Navigator જેવા નવાબિરુદ કે નામો અપાવ્યા છે. જ્ઞાન અને માહિતીની તરસ આજે જુદા-જુદા વિષયોમાંથી વધતી જાય છે. જ્યારે માહિતીની જરૂર પડે ત્યારે ઝડપી અને ચોકસાઈયુક્ત માહિતી પૂરી પાડવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. ગ્રંથાલયમાં સ્વયંસંચાલન નીચેના કારણોસર જરૂરી છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

- માહિતી કે જ્ઞાનવિસ્ફોટને કાબુમાં રાખવા માટે મુદ્રણકળાની શોધને લીધે આજે માહિતી વિસ્ફોટ સર્જાયો છે.
- ઉપયોગકર્તાને ચોકસાઈ ભરેલી સેવા આપવા માટે સ્વયંસંચાલન જરૂરી છે.
- ઉપયોગકર્તાઓને સમયસર અને પૂરતી માહિતી આપવા માટે સ્વયં સંચાલન જરૂરી છે.

**(4) ગ્રંથાલયની વિવિધ કામગીરીમાં સ્વયંસંચાલન: -**

ગ્રંથાલયમાં સ્વયંસંચાલનનું ક્ષેત્ર વિસ્તૃત છે. તે Acquisition (પ્રાપ્તી) થી શરૂ થાય છે. પરંતુ તેનો અંત ક્યારેય નથી. અનિશ્ચિત છે. ગ્રંથાલયમાં કામગીરી કરવા માટે જુદા-જુદા વિભાગો દ્વારા વિવિધ કાર્યો કરવામાં આવે છે. આ કાર્યોમાં ચોકસાઈ, ઝડપ તથા માનવશ્રમની બચત માટે યાંત્રિક ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવે છે. જુદા-જુદા યાંત્રિક સાધનોથી કાર્યોમાં ચોકસાઈ અને ઝડપ આવે છે. આ યાંત્રિક સાધનોમાં કમ્પ્યુટર એક મહત્વના ઉપકરણ તરીકે કામગીરી બજાવે છે. ગ્રંથાલયના નીચેના કાર્યોમાં સ્વયંસંચાલન મહત્વનો ભાગ ભજવે છે.

**પ્રાપ્તિ: (Acquisition):-**

1) પુસ્તકોના ઓર્ડર આપવાનું કાર્ય:- જેમાં ઓર્ડર સ્લીપ તૈયાર કરવી, વિક્રેતાને ઓર્ડર મોકલવા અને રેકર્ડ ફાઇલ અદ્યતન રાખવી.
2) રિસોર્ટ કાર્ય:- જેમાં પુસ્તકોનો ઓર્ડર ફાઈલ અને બિલ સાથે સરખામણી કરવામાં આવે છે. પ્રાપ્ત થયેલ અને નહીં પ્રાપ્ત થયેલ પુસ્તકોની યાદી તૈયાર કરવામાં આવે છે.

3) હિસાબોને લગતાં કાર્ય:- ગ્રંથાલયને ફાળવેલા ભંડોળની આવક-જાવકની અને બેલેન્સની વિગતો તૈયાર કરવી. આ સમગ્ર પ્રક્રિયાને કમ્પ્યુટર દ્વારા સ્વયંસંચાલિત કરી શકાય છે.

**સૂચિકરણ: (Catalogue) :-**

સૂચિકરણ પ્રક્રિયાને પણ કમ્પ્યુટરાઈઝડ કરી શકાય છે. તેમાં નીચેની પ્રક્રિયાનો સમાવેશ થાય છે.

- કેટલોગકાર્ડ તૈયાર કરવા, સૂચિકાડૉની લેખક, વિષય અને ગ્રંથનામ એમ અનુરૂપ રીતે ગોઠવણી કરવી, રોલ્ફીષ્ટ તૈયાર કરવા, કેન્દ્રીય અને સરકારી સૂચિકરણ પદ્ધતિ દ્વારા રાખવામાં આવેલ મુદ્રિત સૂચિકાર્ડની યાદી.
- MARC: - એ સૂચિકરણ ક્ષેત્રે કમ્પ્યૂટર એપ્લિકેશનનું જ્વલંત ઉદાહરણ ગણવામાં આવે છે.
- OPEC: - જેના દ્વારા વાચકો ગ્રંથાલયમાં રહેલ વાંચન સામગ્રી અંગે સ્થાન ઉપરાંત ઝીણવટથી માહિતી મેળવી શકે છે.

**પરિક્રમણપ્રક્રિયા: (Accession) :-**

સમગ્ર પરિક્રમણ-પ્રક્રિયા કમ્પ્યુટરાઈઝડ કરી શકાય છે. પરિક્રમણને લગતી બધીજ પ્રક્રિયા કમ્પ્યુટર મારફત થાય છે. જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

સભ્યોનીનોંધણી, સભ્યોને વાચક ટિકિટ આપવી, સભ્યોને પુસ્તક આપવા, પરત લેવાં અને ફરી ઇસ્યુ કરવા, ઇસ્યુ વિભાગમાં કમ્પ્યુટર વિભાગ દ્વારા વિવિધ માહિતી ઝડપી ઉપલબ્ધ બને છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

જેથી જરૂરી પુસ્તક ગ્રંથાલયમાં છે કે કોઈ વાંચકના ખાતામાં છે, જો કોઇના ખાતામાં હોય તો ક્યારે પરત કરવાના છે, વગેરે માહિતી ઝડપી પ્રાપ્ત થાય છે.

**સામયિકવિભાગ: (Circulation) :-**

કમ્પ્યુટરની મદદથી સામયિકની પ્રાપ્તિ પ્રક્રિયા અને નિયંત્રણની કામગીરી સારી રીતે પાર પાડી શકાય છે. નીચેના કાર્યો સામયિક વિભાગના કમ્પ્યૂટર માટે અનુકૂળ છે.

ગ્રંથાલયમાં આવતાં સામયિકોની યાદી, નહીં આવેલા સામયિકોની યાદી, લવાજમ પૂરું થયા હોય તેવા સામયિકોની યાદી, વિક્રેતા કે પ્રકાશકને રિમાઇન્ડર મોકલવા વગેરે કાર્યો માટે કમ્પ્યૂટરની મદદ લઇ શકાય છે.

**માહિતી સંગ્રહ અને પુનઃપ્રાપ્તિ:- (Information Storage & Retrieval): -**

કમ્પ્યુટર પર આધારિત માહિતી સઁગ્રહ અને પુનઃપ્રાપ્ય પદ્ધતિમાં બે પ્રકારની કામગીરીનો સમાવેશ થાય છે. પહેલા પ્રકારની કામગીરીમાં જે-તે પ્રલેખોનું વર્ગીકરણ અને સૂચિકરણ કરવામાં આવે છે. આ પ્રલેખનો સૂચિનોંધોને મેગ્નેટિક ટેપ પર અંકિત કરવામાં આવે છે. અને જ્યારે જરૂર પડે ત્યારે ‘પ્રિન્ટ આઉટ’ ના રૂપમાં પ્રાપ્ત કરી શકાય છે. બીજા પ્રકારની માહિતીમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- ઉપયોગકર્તાના પ્રશ્નોની નોંધ કરી તેમને મેગ્નેટિક ટેપ પર અંકિત કરવી.
- કમ્પ્યુટર સમજી શકે તેવી ભાષામાં કમ્પ્યુટર અને ઉપયોગકર્તા વચ્ચે સંવાદ રચવા.

- પસંદ કરેલ નોંધ નેમેગ્નેટિક ટેપ પર અંકિત કરવી.
- આ નોંધોને પોઇન્ટ આઉટ સ્વરૂપે મેળવવી.
- પ્રલેખનકાર્ય અને સેવાની કેટલીક કામગીરીનું પણ સ્વયંસંચાલન Automation કરી શકાય છે.

કમ્પ્યુટર પર આધારિત Information & Retrieval Machine Development ડો.રંગનાથનને આભારી છે. તેઓ કમ્પ્યૂટરને સ્થાને Document Finder' શબ્દને વધારે ઉચિત માને છે.

**જાળવણી: (Maintenance) :-**

આ પ્રક્રિયાને વિવિધ યંત્રો અને સાધનો દ્વારા સ્વયંસંચાલિત કરવામાં આવે છે. તેમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

પુસ્તક પરની બાહ્ય પ્રક્રિયા-લેબલો ચોંટાડવા, તેના પર લખાણ કરવું વગેરે પુસ્તકોની યાંત્રિક સાધનો દ્વારા હેરફેર, વેક્યુમક્લીનર દ્વારા પુસ્તકોની સફાઈ, વાતાનુંકુલિત સાધનોના ઉપયોગથી પુસ્તકને વધુ પડતી ગરમી કે ભેજથી દૂર રાખી શકાય છે. જેથી પુસ્તકોની આવરદા વધારી શકાય છે. પ્રતિનિર્માણ સાધનોનો ઉપયોગ કરીને ફોટોસ્ટેટ, ઝેરોક્ષ, માઇક્રોફોલ્મ,માઇક્રોકાર્ડ સ્વરૂપમાં મૂલ્યવાન ડોક્યુમેન્ટ અને ગુપ્ત ડોક્યુમેન્ટ, અલભ્યપુસ્તકો જાળવી શકાય. Close circuit camera ની મદદથી ગ્રંથભંડાર અને વાંચનલયમાં નજર રાખી વ્યવસ્થા જાળવી શકાય છે.

**ગ્રંથ મેળવણી: (Book Account):-**

અહીં, નીચેની કામગીરી સ્વયંસંચાલિત સાધનો દ્વારા કરી શકાય. ગ્રંથાલયમાં તમામ પ્રલેખોના પરિગ્રહણાંકની તૈયારી કરવી. ગ્રંથાલયમાં પ્રાપ્ય પ્રલેખોના પરિગ્રહણાંકની યાદી તૈયાર કરવી, ગુમ થયેલા પ્રલેખોના પરિગ્રહણાંકની યાદી બનાવવી.

આમ, ઉપર મુજબનાં ગ્રંથાલયના જુદાં-જુદાં કાર્યોમાં યાંત્રિક સાધનોનો ઉપયોગ કરી કાર્યોને સરળ બનાવવામાં આવે છે. વિવિધ યાંત્રિક ઉપકરણમાં કમ્પ્યુટર ગ્રંથાલયના આધુનિકીકરણમાં મહત્વનું કેન્દ્રબિંદુ છે. જે પુસ્તકો ગ્રંથાલયની વિશાળ જગ્યા રોકે છે. તે પુસ્તકોની માહિતી કમ્પ્યૂટરના એક ફોલ્ડરમાં સંગ્રહિ જગ્યાનો બચાવ કરીશ કાય છે.

**(5) ગ્રંથાલયના સ્વયંસંચાલનથી ગ્રંથાલયના સ્ટાફ અને વાંચકોને થતા ફાયદા: -**

ગ્રંથાલયનાં સ્વયંસંચાલનથી થતા ફાયદા નીચે મુજબ છે.

- ❖ સ્વયંસંચાલનને લીધે ગ્રંથાલયની કામગીરી સરળ બને છે.
- ❖ અધ્યતન ટેકનોલોજીના કારણે ગ્રંથાલયના કાર્યમાં ચોકસાઈ આવે છે.
- ❖ ગ્રંથાલયમાં સ્વયં-સંચાલન પદ્ધતિનો ઉપયોગ કરવાથી જરૂરી માહિતી ત્વરિત મળે છે. એટલે ઝડપી સેવા પ્રાપ્ત બને છે.
- ❖ સ્વયં-સંચાલન પદ્ધતિનો ઉપયોગ કરવાથી માનવશ્રમ, નાણાં અને સમયની બચત થાય છે.
- ❖ સ્વયંસંચાલનથી કામગીરી બેવડાતી નથી.
- ❖ આધુનિક ટેકનોલોજીના ઉપયોગને લીધે કાર્યની ગુણવતા ઊંચી રહે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**(6) ગ્રંથાલયમાં સ્વયંસંચાલનથી થતા ગેરલાભ :-**

ગ્રંથાલયનાં સ્વયંસંચાલનથી થતા ગેરફાયદા નીચે મુજબ છે.

- ગ્રંથાલયના કર્મચારીમાં એવો ભય પ્રવર્તે છે કે સ્વયંસંચાલનથી બેરોજગારી સર્જાશે.
- કમ્પ્યુટર વસાવવાનો પ્રારંભિક ખર્ચઘણો વધારે હોવાથી ઘણા સંગઠનો અને ગ્રંથાલયો માટે આવાં સાધનો વસાવવા મુશ્કેલ બનશે.
- કમ્પ્યૂટર સફેદ હાથી જેવા છે. જો તેનો બહોળો પ્રમાણમાં ઉપયોગ કરવામાં ન આવે તો તે નિરર્થક બની રહે છે.
- ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના કર્મચારીઓ માટે કમ્પ્યુટર અંગેની નિયમિત અને સર્વગ્રાહી તાલીમનો અભાવ છે.
- ગ્રંથાલયમાં સંચાર અને સહકારનો અભાવ હોવાથી સ્વયંસંચાલનનું યોગ્ય સંકુલ પણ સ્થાયી કરી શકાતું નથી.

**(7) ઉપસંહાર: -**

આમ, ગ્રંથાલય સ્વયંસંચાલન અપનાવવાથી શ્રમ, સમય અને નાણાંની બચત થાય છે. ઉપયોગકર્તાને જોઈતી માહિતી ઝડપથી મળે છે. જ્યારે બીજી બાજુ તેના સંચાલન માટે તાલીમ પામેલા કર્મચારીની જરૂર પડે છે અને યાંત્રિક સાધનો વસાવવા માટે જરૂરી નાણાંની વ્યવસ્થા કરવી પડે છે. જેના ફળ સ્વરૂપે કર્મચારી અને વાચકોને ખૂબ જ ફાયદો થાય છે. તેવા આ વ્યવસાય સાથે જોડાયેલા નિષ્ણાંતોના અભિપ્રાયોના શેર કરવાથી જાણવા મળ્યુ છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

(8) સંદર્ભ :-

1. ગુજરાતી વિશ્વકોષ
2. Breeding, Marshall. Perceptions 2007: an international survey of library automation. In Library Technology Guides, January 9, 2008.
3. Bhanja, M, & Barik, N. (2009) library automation problems and prospect paper presented at 10th national convention of MANLIBNET organized by KIIT university 2009.
4. https://ccsuniversity.ac.in/bridge-library/pdf/Library-Automation.pdf
5. https://gyansanchay.csjmu.ac.in/wpcontent/uploads/2022/10/LibraryAutomationDefinition-Need-Purpose-and.pdf
6. https://core.ac.uk/download/pdf/322348873.pdf
7. https://epgp.inflibnet.ac.in/epgpdata/uploads/epgp_content/S000021LI/P000206/M002075/ET/1483355660P05_M17.pdf
8. Kimber, Richard T., Automation in Libraries. Oxford Pergamon. 1986.
9. Ravichandra Rao, I K; Library automation, Ed.2, Wiley Eastern Limited, New Delhi, 1992
10. Harinarayana, N.S., (1991). Concept of Library Automation. Herald of Library Science.
11. Kent, Allen., (1997). Encyclopedia of Library and Information Science. New York: Marcel Dekkar.
12. Kimber, Richard.T., (1968). Automation in Libraries. Oxford: Pergamon Press.